**BUSINESS મિત્ર**

**મીડલ ઇસ્ટમાં તણાવ ચાલુ રહેતા સેન્સેક્સમાં 829 પોઇન્ટનો ઘટાડો, રોકાણકારોને રૂ. 1.75 લાખ કરોડનું નુકશાન**

# સતત બીજા દિવસે શેરબજાર લાલ નિશાનમાં

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 12 :** મીડલ ઈસ્ટના તણાવ ચાલુ રહેતા સતત બીજા દિવસે ભારતીય શેરબજારમાં વેચવાલી જોવા મળી હતી. જેમાં સેન્સેક્સ અને નિફ્ટી એક-એક ટકાના ઘટાડા સાથે બંધ રહ્યા હતા. ક્રુડ ઓઈલના ભાવમાં ઉછાળો અને વિદેશી રોકાણકારોના સતત વેચાણને કારણે શેરબજારમાં દબાણ જાળવી રાખ્યું હતું. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો વધુ નબળો પડ્યો હતો અને ઐતિહાસિક નીચી સપાટીએ સરકતો જોવાતા ડોલરની સામે રૂપિયો 92.36ના સ્તરે બોલાયો હતો.

મીડલ ઈસ્ટમાં તણાવ થવાની અસર ભારતીય અર્થતંત્ર પર જોવા મળી છે. છૂટક ફુગાવાનો દર વધવા લાગ્યો છે, જે ફેબ્રુઆરીમાં વધીને 3.21 ટકા પર પહોંચી ગયો છે. જે ગત મહિને 2.75 ટકા થયો છે. આમ, ઈરાન-ઈઝરાયેલ-યુએસ વચ્ચેના યુદ્ધની અસર જોવા મળી રહી છે. જેના લીધે સતત બીજા દિવસે શેરબજારમાં ઘટાડો નોંધાયો છે.

બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન ઘટીને રૂ. 440.15 લાખ કરોડનું થયું હતું. જે અગાઉના સેશન દરમ્યાન રૂ. 441.90 લાખ કરોડ થયું હતું. આમ, બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 1.75 લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે.

બીએસઈ સેન્સેક્સ 829.29 પોઈન્ટ એટલે કે 1.08 ટકા ઘટીને 76034.42 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76681 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 75871 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 227.70 પોઈન્ટ એટલે કે 0.95 ટકા ઘટીને 23650 પોઈન્ટની સપાટી તોડીને 23639.15 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23833 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23556 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 634.80 પોઈન્ટ એટલે કે 1.14 ટકા ઘટીને 55100.95 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે એફકોન્સ ઈન્ફ્રામાં 27.21 ગણા, ડોમ્સ ઈન્ડ.માં 16.43 ગણા, અદાણી ટોટલ ગેસમાં 12.39 ગણા, ગુજરાત ગેસમાં 12.23 ગણા, જેબી કેમિકલ્સમાં 8.28 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ડોમ્સ ઈન્ડ.માં 127.24 ગણા, એનટીપીસી ગ્રીન એનર્જીમાં 48.03 ગણા, અદાણી ટોટલ ગેસ 14.36 ગણા, ગુજરાત ગેસ 9.28 ગણા અને સીઈએસસી લિ.માં 8.47 ગણા કામકાજ નોંધાયા છે.




બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી રહી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.24 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.32 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યા હતા. બીએસઈ ખાતે 1724 શેરો વધ્યા હતા, જ્યારે 2508 શેરો ઘટ્યા હતા અને 187 શેરો યથાવત રહ્યા હતા.

ઓટો શેરોમાં સતત વેચવાલી ચાલુ રહી હતી. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 3.19 ટકા ઘટ્યો હતો. જેમાં ટીવીએસ મોટર, મહિન્દ્રા-મહિન્દ્રા, હીરો મોટો, ટીએમપીવી, બજાજ ઓટો, બોશ અને યુનો મીન્ડો ઘટ્યા હતા. વૈશ્વિક સ્તરે યુએસ અને તેના સાથી દેશોએ ઉર્જા બજારોને શાંત કરવા માટે ક્રુડ રિઝર્વની અભૂતપુર્વ કટોકટી જાહેર કર્યા પછી પણ રોકાણકારો અસ્થિર ક્રુડના ભાવો અને મીડલ ઈસ્ટમાં વધતા તણાવ સાથે ઝઝૂમી રહ્યા હોવાથી યુરોપિયન બજારોમાં ઘટાડો થયો હતો. એશિયન બજારો પણ નીચા સ્તરે બંધ થયા હતા.

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી ઈરાન યુદ્ધના કારણે પુરવઠાના વિક્ષેપના પગલે 400 મિલિયન બેરલ ક્રુડ મુક્ત કરવા માગે છે. જોકે, આ ક્યારે બજારમાં આવશે તેની સમયરેખા નક્કી કરી નથી. યુએસ પણ રિઝર્વમાંથી 172 મિલિયન બેરલ ક્રુડ મુક્ત કરશે. આમ, ક્રુડના ભાવ નિયંત્રણમાં રાખવા અને પુરવઠો જાળવી રાખવાના પ્રયાસ કરી રહ્યા છે, પણ તેની બજારમાં કોઈ મોટી અસર પડી રહી નથી.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.47 ટકા, કેક 0.67 ટકા અને ડેક્સ 0.40 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.50 ટકા, સ્ટ્રેઇટસ 0.17 ટકા, હેંગસેંગ 0.62 ટકા, તાઈવાન 1.59 ટકા, કોસ્પી 0.48 ટકા, જકાર્તા 0.37 ટકા અને શાંઘાઈ 0.10 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -829.29 | 76034.42 |
| નિફ્ટી | -227.70 | 23639.15 |
| બેન્ક નિફ્ટી | -634.80 | 55100.95 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોલ ઇન્ડિયા | 5.23 | 470.10 |
| એનટીપીસી | 2.80 | 390.55 |
| પાવરગ્રીડ | 1.61 | 303.60 |
| જિયો ફાઇનાન્સીયલ | 1.47 | 242.20 |
| અદાણી એન્ટરપ્રાઇઝ | 1.38 | 2002.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મહિન્દ્રા-મહિન્દ્રા | 4.32 | 3031.20 |
| આઇશર મોટર | 3.83 | 6875.50 |
| મારૂતિ સુઝુકી | 3.60 | 13011.00 |
| બજાજ ફાઇનાન્સ | 3.42 | 863.10 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 3.25 | 11089.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એનટીપીસી | 2.79 | 390.60 |
| પાવરગ્રીડ | 1.64 | 303.70 |
| ટેક મહિન્દ્રા | 1.61 | 1355.45 |
| એચસીએલ ટેક્નો | 0.71 | 1459.60 |
| રિલાયન્સ ઇન્ડ. | 0.05 | 1391.85 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મહિન્દ્રા-મહિન્દ્રા | 4.23 | 3032.80 |
| મારૂતિ સુઝુકી | 3.60 | 13016.10 |
| બજાજ ફાઇનાન્સ | 3.31 | 863.55 |
| લાર્સન-ટુબ્રો | 3.06 | 3720.95 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 2.90 | 11125.40 |

## રૂપિયો 92.37 સુધી નીચે સરક્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 12:** પુર્વ મધ્યના યુદ્ધની સ્થિતિ ચાલુ રહેતા ડોલરમાં મજબૂતાઇ આગળ વધી હતી અને ઐતિહાસિક સપાટી 92.37ના સ્તર સુધી પહોંચ્યો હતો. રૂપિયો વધુ નીચેને નીચે સરકતો જોવા મળી રહ્યો છે. આજે ડોલરની સામે રૂપિયો 15 પૈસી વધુ ઘટીને 92.19ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 92.04ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 105.96, પાઉન્ડ 122.92, કેનેડિયન ડોલર 67.78, ઓસ્ટ્રેલિયન ડોલર 65.45, ઓસ્ટ્રેલિયન ડોલર 65.45, જાપાનીઝ યેન 0.5808 અને સીંગાપોર ડોલર 72.59ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 92.19 રૂ. |
| યુરો | 105.96 રૂ. |
| પાઉન્ડ | 122.92 રૂ. |
| યેન | 0.5808 રૂ. |

## પશ્ચિમ એશિયા તણાવ છતાં 2027માં ભારતીય અર્થતંત્ર 7 ટકાના દરે વધશે : નોમુરા

**જાપાનીઝ** ઇન્વેસ્ટ બેન્કના મતે મીડલ ઇસ્ટના તણાવથી વ્યાજદરમાં વધારો કરવાની સંભાવના વધી

નવી દિલ્હી, તા. 12: મીડલ ઈસ્ટના તણાવ વચ્ચે 2027ની સાલમાં ભારતની અર્થવ્યવસ્થા 7 ટકાના દરે વૃદ્ધિ પામશે એમ જાપાનીઝ ઈન્વેસ્ટમેન્ટ બેન્ક નોમુરાએ ઉમેર્યુ કે જો મીડલ ઈસ્ટમાં તણાવ ચાલુ રહેશે તો તે ભારતના ગોલ્ડીલોક્સ સમયગાળાની કસોટી હશે. જ્યારે જીડીપી વૃદ્ધિ દર મજબૂત હોય છે અને ફુગાવો લઘુત્તમ સ્તરે સ્થિર હોય છે ત્યારે ગોલ્ડીલોક્સને અર્થતંત્રની સ્થિતિ કહેવામાં આવે છે.

નોમુરાએ એક નોંધમાં જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ 2027 માટે અમે અમારી ચાલુ ખાતાની આવકની આગાહી 0.4 ટકાથી વધારીને જીડીપીના 1.6 ટકા અને 0.7 ટકાથી વધારીને 4.5 ટકા કરી રહ્યા છીએ. જ્યારે તેની જીડીપીની આગાહી 0.1 ટકા ઘટાડીને 7 ટકા કરવામાં આવી છે. નોમુરાના જણાવ્યા અનુસાર, કેલેન્ડર વર્ષ 2026ના પ્રથમ ક્વાર્ટરના પ્રારંભિક ડેટા દર્શાવે છે કે વપરાશ અને ઉદ્યોગ વેગ પકડવાનું ચાલુ રાખશે, પરંતુ નિકાસ અને સરકારી ખર્ચ નબળા રહેશે. પશ્ચિમ એશિયામાં ભૌગોલિક રાજકીય તણાવને કારણે ઊર્જાની અછત, ખાસ કરીને કુદરતી ગેસની અછત, સ્થાનિક સ્તરે ઔદ્યોગિક અને સેવા પ્રવૃત્તિઓને વિક્ષેપિત કરી શકે છે. જો કે, નોમુરાને અપેક્ષા છે કે અગાઉની નીતિગત છૂટછાટ, માળખાકીય સુધારાઓ, ઊંચા વેતન વૃદ્ધિ અને યુએસ સાથેના વેપાર તણાવમાં ઘટાડાને કારણે ભારતમાં ચક્રીય રિકવરી જોવા મળશે.

ઊર્જાના વધતા ભાવો પર, નોમુરાએ જણાવ્યું હતું કે આ ભાવનું દબાણ વધારી રહ્યું છે અને વધુ એશિયન અર્થતંત્રોમાં ફુગાવો વધશે, જે હાલમાં સૌથી નીચા સ્તરે છે. વ્યાજદરો પર ઈન્વેસ્ટમેન્ટ બેંકે જણાવ્યું હતું કે અમેરિકા-ઈરાન સંઘર્ષને કારણે મોટાભાગની કેન્દ્રીય બેંકો રેપો રેટને રોકી શકે છે. જોકે, હવે વ્યાજ દરમાં વધારો થવાની સંભાવના ઉભી થવા લાગી છે.

## યુદ્ધ અને ફુગાવાના ભય વચ્ચે બિટકોઈન 69 હજાર ડોલર પર સ્થિર

**યુએસ** ગ્રાહક ખર્ચ અને રોજગારીમાં ઘટાડો થવાની સંભાવના, જે આર્થિક પુન:પ્રાપ્તિ અંગેના પ્રશ્નો સર્જશે

નવી દિલ્હી, તા. 12: છેલ્લા 24 કલાકમાં, ત્રણ મુખ્ય પરિબળોએ બજારને પ્રભાવિત કર્યું: ઊર્જા પુરવઠો, ફુગાવાનો ડેટા અને સ્ટેબલકોઈન નિયમ. દરમિયાન, બિટકોઈન લગભગ $ 69,000 પર મજબૂત રહેવામાં સફળ રહ્યું, જ્યારે યુએસ રેગ્યુલેટર એફડીઆઈસીએ સ્ટેબલકોઈન સુરક્ષા પર સ્પષ્ટ સીમાઓ નક્કી કરી છે.

મેક્રો સૂચકાંકો અંગે, યુએસ ગ્રાહક ખર્ચના અંદાજો થોડા નબળા દેખાય છે. રોજગાર ડેટા પણ ઘટાડાના સંકેતો દર્શાવે છે, જે આર્થિક પુન:પ્રાપ્તિ અંગે પ્રશ્નો ઉભા કરે છે.

બીજી બાજુ, યુએસ-ઈરાન યુદ્ધે વૈશ્વિક બજારોમાં ફુગાવા અંગે અટકળોને વેગ આપ્યો છે. આનાથી કોમોડિટીના ભાવમાં સંભવિત વધારાની ચર્ચાઓ થઈ છે, અને ઘણા દેશોએ તેમની નાણાકીય નીતિઓ પર પુનર્વિચાર કરવો પડી શકે છે.

આ અનિશ્ચિત વાતાવરણમાં, ઘણા છૂટક રોકાણકારો યુદ્ધ દરમિયાન તેમની મૂડી પ્રમાણમાં સ્થિર રાખવા માટે ડોલર-નિર્મિત સંપત્તિઓ તરફ સ્થળાંતર કરી રહ્યા હોય તેવું લાગે છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૫૨૬૦ |
| તેજાબી સોનું | ૧૬૫૧૭૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૬૭૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૬૧૯૬૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૫૨૬૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૪૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૭૫૫૦૦ |

## મજબૂત વૈશ્વિક વલણો વચ્ચે ચાંદીના ભાવમાં વધારો, સોનામાં ઘટાડો જોવાયો

**ચાંદીના** ભાવ રૂ. 1,500ના વધારા સાથે રૂ. 2.76 લાખ પ્રતિ કિલોએ પહોંચ્યા

**સોનાનો** ભાવ અગાઉના રૂ. 1,65,600ના બંધ ભાવથી ઘટીને રૂ. 1,65,200 પ્રતિ 10 ગ્રામ રહ્યો

નવી દિલ્હી, તા. 12 (PTI): મજબૂત વૈશ્વિક વલણો અને પશ્ચિમ એશિયાના ઘેરાતા સંકટ વચ્ચે રાષ્ટ્રીય રાજધાનીમાં ગુરુવારે ચાંદીના ભાવમાં રૂ. 1,500નો વધારો થયો હતો અને ભાવ રૂ. 2.76 લાખ પ્રતિ કિલોગ્રામ પર પહોંચ્યા હતા. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, સફેદ ધાતુ રૂ. 1,500 અથવા 0.54 ટકા વધીને રૂ. 2,76,500 પ્રતિ કિલોગ્રામ (તમામ ટેક્સ સહિત) પર પહોંચી ગઈ છે. બુધવારે તે રૂ. 4,275 ઘટીને રૂ. 2,75,000 પ્રતિ કિલો પર બંધ થઈ હતી. બીજી તરફ 99.9 ટકા શુદ્ધતા ધરાવતા સોનાના ભાવમાં રૂ. 400નો ઘટાડો થયો હતો, જેનાથી ત્રણ દિવસની તેજીનો અંત આવ્યો હતો. સોનાનો ભાવ અગાઉના રૂ. 1,65,600ના બંધ ભાવથી ઘટીને રૂ. 1,65,200 પ્રતિ 10 ગ્રામ (તમામ ટેક્સ સહિત) રહ્યો હતો. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, સોના અને ચાંદી વિરુદ્ધ દિશામાં આગળ વધ્યા હતા. કારણ કે, રોકાણકારો ભૌગોલિક રાજકીય વિકાસ અને યુનાઈટેડ સ્ટેટ્સના આર્થિક સંકેતોનું વિશ્લેષણ કરી રહ્યા હતા.

# રાંધણ ગેસના પુરવઠા બાબતમાં સરકારની ગણતરી ખોટી પુરવાર થઈ છે




ગલ્ફના યુદ્ધને કારણે ભારત સરકારની ઊર્જાનીતિની પોકળતા છતી થઈ ગઈ છે. ઇરાન-ઇઝરાયેલ યુદ્ધ શરૂ થયું ત્યારે આપણને કહેવામાં આવ્યું હતું કે દેશમાં ૨૫ દિવસ ચાલે એટલો ખનિજ તેલનો અને કુદરતી ગેસનો સ્ટોક છે, માટે ચિંતા કરવાની જરૂર નથી. ગલ્ફના યુદ્ધને માંડ દસ દિવસ થયા હતા ત્યાં જ સરકાર તરફથી કોમર્શિયલ રાંધણ ગેસનો પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો છે, જેને કારણે હોટેલનો વ્યવસાય સંકટમાં આવી ગયો છે. ઘણા હોટેલમાલિકો ઇન્ડક્શન ચૂલા તરફ વળી રહ્યા છે તો ઘણા લાકડાં ને છાણાંના ચૂલાનો વિકલ્પ પણ વિચારી રહ્યા છે. કાળાં બજાર અને સંગ્રહખોરીને કારણે પણ રસોઇ ગેસ સિલિન્ડરની અછત સ્પષ્ટ વર્તાઈ રહી છે.

દિલ્હી હાઈકોર્ટની કેન્ટીનમાં ભોજન બંધ કરી દેવામાં આવ્યું છે. અયોધ્યામાં મફત ભોજન પૂરું પાડતી રામ રસોઈને મંગળવારે એક કલાક વહેલી બંધ કરવી પડી હતી. બુધવારે તે અનિશ્ચિત સમય માટે બંધ કરવામાં આવી હતી. ઇન્ડિયન રેલ્વે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) એ તમામ કેટરિંગ યુનિટને માઇક્રોવેવ અને ઇન્ડક્શન કુકિંગ વિકલ્પો વાપરવાની સૂચના આપી છે. ફિરોઝાબાદના કાચ ઉદ્યોગને પણ અસર થઈ રહી છે. ઉત્તર પ્રદેશ ગ્લાસ મેન્યુફેક્ચરર્સ સિન્ડિકેટે ઉત્પાદન ઘટાડવાનો નિર્ણય લીધો છે. ઓટોમેટિક કાચની બોટલ ફેક્ટરીઓ અને બંગડી ફેક્ટરીઓએ ઉત્પાદન ૩૦-૪૦ ટકા ઘટાડી દીધું છે. બંગડીની ફેક્ટરીઓ ધરાવતા ઉદ્યોગસાહસિકો મૂંઝવણમાં છે. તેઓ કહે છે કે ગેસ ક્વોટામાં ઘટાડો થવાથી તેમને વધુ સ્પોટ RLNG ગેસનો ઉપયોગ કરવાની ફરજ પડશે. છત્તીસગઢમાં ગેસ પુરવઠામાં વિક્ષેપ પડવાથી હોટલ અને રેસ્ટોરન્ટ વ્યવસાય પર ભારે અસર પડી છે. વાણિજ્યિક ગેસ સિલિન્ડર ૫,૦૦૦ રૂપિયા સુધી વેચાઈ રહ્યા છે. રાયપુરના માલવિયા રોડ પર આવેલી ગુજરાતી હોટલના સંચાલક મહેશ ખિલોશિયાએ જણાવ્યું હતું કે નિયમિત ગેસ સપ્લાયના અભાવે રસોડું ચલાવવામાં મુશ્કેલી પડી રહી છે. મેરેજ હોલ સંચાલકો કહે છે કે લગ્ન અને અન્ય કાર્યક્રમો પર પણ અસર પડી શકે છે.

મુંબઈ અને બેંગલુરુ જેવાં શહેરોમાં રેસ્ટોરન્ટો અને ખાણીપીણીની દુકાનોએ પહેલાંથી જ ચેતવણી આપી છે કે જો પુરવઠો ટૂંક સમયમાં સ્થિર નહીં થાય તો તેમને રસોડાં કામચલાઉ બંધ કરવાની ફરજ પડી શકે છે. મોટી હોટેલ ચેઇન્સમાં વૈકલ્પિક ઇંધણ સ્રોતો હોઈ શકે છે. જો કે, નાના વ્યવસાયો તેમનાં રસોડાને ચાલુ રાખવા માટે સંપૂર્ણપણે થોડા LPG સિલિન્ડરો પર આધાર રાખે છે અને જ્યારે તે સિલિન્ડરો આવતા નથી, ત્યારે કામગીરી બંધ થઈ જાય છે. બેંગલુરુમાં, જ્યાં કોવિડના રોગચાળા પછી ક્લાઉડ કિચન ઝડપથી વિસ્તર્યાં હતાં, ત્યાં અછતને કારણે ઓપરેટરોને તેમના મેનુઓ પર ફરીથી વિચાર કરવાની ફરજ પડી છે. ઇન્દિરાનગરમાં મોડી રાત સુધી ડોસા ક્લાઉડ કિચન ચલાવતા વિક્રમ ઐયર કહે છે કે તેમણે પહેલાંથી જ ઘણી વાનગીઓ ઓછી કરી દીધી છે. મુંબઈની ગીચ રેસ્ટોરન્ટ ઇકોસિસ્ટમ ખાસ કરીને સપ્લાય વિક્ષેપો માટે સંવેદનશીલ છે. અંધેરી પૂર્વમાં નાની રેસ્ટોરન્ટના માલિક મહેશ શેટ્ટી કહે છે કે રાંધણ ગેસના સપ્લાયર્સે ડિલિવરીની પુષ્ટિ કરવાનું બંધ કરી દીધું છે. કેટલીક રેસ્ટોરન્ટોમાં સગડી વાપરવાનું ચાલુ થઈ ગયું છે.

મધ્ય પૂર્વમાં અમેરિકા, ઇઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર ભારત પર સ્પષ્ટપણે પડી રહી છે. ઝારખંડની રાજધાની રાંચીમાં LPG સિલિન્ડરની અછતને કારણે ગ્રાહકોની મુશ્કેલીઓ વધી ગઇ છે. ઘરેલું રસોઈ ગેસ સિલિન્ડર મેળવવા માટે લાંબી કતારો જોવા મળી રહી છે. લોકો કલાકો સુધી પોતાનાં રોજિંદાં કામ છોડીને ગેસ સિલિન્ડર લેવા માટે પોતાના વારાની રાહ જોઈ રહ્યાં છે જેથી તેઓ ઘરે ભોજનની વ્યવસ્થા કરી શકે. LPGના ભાવમાં વધારા બાદ, ગેસ સિલિન્ડરની અછતને કારણે લોકો હવે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યાં છે. લાઇનમાં ઊભેલા એક ગ્રાહકે કહ્યું કે તે છેલ્લા પાંચ દિવસથી ગેસ સિલિન્ડર માટે ચિંતિત છે, પણ મેળવી શક્યા નથી. તે સિલિન્ડર મેળવવા માટે લાઇનમાં ઊભો છે, પરંતુ હજુ સુધી તે મળ્યું નથી. તેણે કહ્યું કે સરકાર દાવો કરે છે કે રસોઈ ગેસની કોઈ અછત નથી, પરંતુ વાસ્તવિકતા એ છે કે તે મેળવવો મુશ્કેલ બની ગયો છે. અન્ય દેશોમાં ચાલી રહેલાં યુદ્ધોની અસરો ભારતમાં અનુભવાઈ રહી છે.

ગેસ સિલિન્ડરના વધતા ભાવ અને અછત અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતાં ઝારખંડના મંત્રી ઇરફાન અંસારીએ કહ્યું કે કેન્દ્ર સરકારની વિદેશ નીતિ સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. ગેસ સિલિન્ડરના ભાવો હવે વધી ગયા છે. આગામી દિવસોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધશે. ફુગાવો ચરમસીમાએ પહોંચશે અને દેશ બરબાદ થઈ જશે. દેશ નજીકના ભવિષ્યમાં એક મોટા સંકટનો સામનો કરી રહ્યો છે. સરકાર ફક્ત હિન્દુ-મુસ્લિમ કાર્ડ રમી રહી છે. યુદ્ધ બીજે ક્યાંક થઈ રહ્યું છે, બોમ્બમારો બીજે ક્યાંક થઈ રહ્યો છે, પરંતુ તેની અસર દેશભરમાં અનુભવાઈ રહી છે.

ભારતનાં રેસ્ટોરન્ટ અને નાનાં ખાદ્ય સેવા ક્ષેત્ર લાખો લોકોને રોજગારી આપે છે, જેમાં રસોઈયા, મદદગાર, ડિલિવરી રાઇડર્સ, સપ્લાયર્સ અને ક્લીનર્સનો સમાવેશ થાય છે. મોટી હોટેલ ચેઇનથી વિપરીત નાનાં સંચાલકો ઓછા માર્જિન પર કામ કરે છે. LPG સપ્લાયમાં થોડો વિક્ષેપ પણ તેમના વ્યવસાયોને સંપૂર્ણપણે બંધ કરી શકે છે. ઉદ્યોગ સંગઠનોએ પહેલેથી જ ચિંતા વ્યક્ત કરી છે કે સતત અછત હજારો નાનાં ખાણીપીણીનાં સ્થળોને કામચલાઉ ધોરણે બંધ કરવાની ફરજ પાડી શકે છે અને જ્યારે મીડિયાની હેડલાઇન્સ વૈશ્વિક ભૂરાજનીતિ અને ઊર્જા બજારો પર કેન્દ્રિત છે, ત્યારે તેનાં પરિણામો દેશભરનાં પડોશનાં રસોડાંઓમાં અનુભવાઈ રહ્યાં છે.

ભારત હાલમાં વિશ્વમાં LPGનો બીજો સૌથી મોટો આયાતકાર દેશ છે. ગયા વર્ષે દેશમાં આશરે ૩.૩૧૫ કરોડ મેટ્રિક ટન LPGનો વપરાશ થયો હતો. ભારતની કુલ LPG માંગનો લગભગ બેતૃતીયાંશ ભાગ આયાતનો છે. વિશ્વના તેલ અને ગેસના શિપમેન્ટનો નોંધપાત્ર હિસ્સો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે. તે પર્સિયન ગલ્ફને આંતરરાષ્ટ્રીય બજાર સાથે જોડતો દરિયાઈ માર્ગ છે. ભારત તેના LPGનો ૯૦ ટકા હિસ્સો મધ્ય પૂર્વમાંથી આયાત કરે છે; તેથી આ ક્ષેત્રમાં કોઈ પણ વિક્ષેપ ભવિષ્યમાં પુરવઠાના અવરોધો અંગે ચિંતા પેદા કરી શકે છે. આ બધા વચ્ચે દેશભરમાં ઘરેલું રસોઈ ગેસના ભાવમાં વધારો થયો છે, જે ૭ માર્ચ, ૨૦૨૬ થી અમલમાં આવશે. ૧૪.૨ કિલોગ્રામના ઘરેલુ LPG સિલિન્ડરની કિંમતમાં ૬૦ રૂપિયાનો વધારો થયો છે અને ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ LPG સિલિન્ડરની કિંમતમાં ૧૧૫ રૂપિયાનો વધારો થયો છે. આ વધારાથી હોટલ, રેસ્ટોરન્ટ અને ફુડ આઉટલેટ જેવા વ્યવસાયો પર અસર થવાની ધારણા છે.

મધ્ય પૂર્વના સપ્લાયર્સ પરની નિર્ભરતા ઘટાડવા માટે ભારતે અમેરિકા સાથે વ્યૂહાત્મક આયાત કરાર પર પણ હસ્તાક્ષર કર્યા છે. આ વ્યવસ્થા હેઠળ આપણો દેશ ૨૦૨૬ના અંત સુધીમાં આશરે ૨૨ લાખ ટન LPG આયાત કરવાની યોજના ધરાવે છે. જો કે અમેરિકાનો ગેસ ભારતમાં પહોંચતાં હજુ મહિનાઓ નીકળી જશે. ખરી જરૂર ગેસની હાલની તંગીને દૂર કરવાની છે.

ગેસની અછતને કારણે, કેટલાંક હોટલ માલિકોએ ગ્રાહકોને ખોરાક પૂરો પાડવા માટે લાકડાં અને કોલસાનો ઉપયોગ કરવાનો આશરો લીધો છે. જો કે, આ વ્યવસ્થા કામચલાઉ છે અને તેના કારણે ખર્ચ વધી રહ્યો છે. હોટેલ માલિકોનું કહેવું છે કે જો પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહેશે તો ઘણી નાની હોટલ અને રેસ્ટોરન્ટને કામચલાઉ ધોરણે બંધ કરવી પડી શકે છે. હોટેલ માલિકો કહે છે કે જો વાણિજ્યિક LPGનો પુરવઠો ટૂંક સમયમાં સામાન્ય કરવામાં નહીં આવે, તો તેની ખાદ્ય ઉદ્યોગ અને તેના સંબંધિત રોજગાર પર પણ નોંધપાત્ર અસર પડી શકે છે.

ટુ ધ પોઇન્ટ ■ સમકિત શાહ ■

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ગયા વર્ષે દેશમાં આશરે ૩.૩૧૫ કરોડ મેટ્રિક ટન LPGનો વપરાશ થયો હતો. ભારતની કુલ LPG માંગનો લગભગ બેતૃતીયાંશ ભાગ આયાતનો છે**

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી મંગળવાર, શુક્રવાર, રવિવાર હવે શબ્દ દીઠ ₹૯ +(GST) ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**મોતીયાનુ ઓપરેશન**
ટાંકાવગર માત્ર 8400માં દવાવાળા આઈકેર હોસ્પિટલ પાલનપુર જકાતનાકા, 9898133189

**જુના બંધ હાલતમાં**
2- વ્હીલર, 4- વ્હીલર, વેચવા માટે સંપર્ક કરો- 9427178600

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**સરળ Bank Loan**
કરાવી આપીશું, Good Profile ઈન્કમ Property, Gold, Business 9824141999

**ફીઝીકલ શેર સર્ટીફીકેટ**
વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

મિલ્કત વેચવાની છે

**વેચવાનું છે**
સુમુલ ડેરી રોડ પર બંગલો વેચવાનો છે દલાલ ભાઈઓ આવકાર્ય Mo:- 9879943152

લગ્ન વિષયક

**સુરત રહેતી**
30 વર્ષની એન્જીનીયર કણબી પટેલ યુવતી માટે Well Settled યુવક આવકાર્ય (જ્ઞાતિ બાધ નથી) 9512318416

મિલ્કત ભાડેથી

**ઓફીસ લાયક જગ્યા**
ભાડે આપવાની છે 105, દિપકલમ કોમર્શીયલ હબ, પહેલો માળ, સરથાણા જકાતનાકા, વરાછા મેઈન રોડ, સુરત. મો. 9427181185

નોકરી વિષયક

**આઈસ્ક્રીમની એજન્સી**
માટે સ્ટાફ જોઈએ છે. ફોર વ્હીલર ટેમ્પો ડ્રાઈવર, હેલ્પર & ડેટાએન્ટ્રી ઓપરેટર. Contact 8905021760

**ફિઝિયોથેરાપી ક્લિનિક**
માટે લેડીઝ સ્ટાફ જોઈએ છે, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત, 9104731600

**પ્રિન્ટિંગના મશીન**
કામ માટે માણસો જોઈએ છે કમ્પ્યુટર આવડવું હોવું જોઈએ, ઉંમર 20થી 25 વર્ષ. 6353685196 ઘોડદોડ રોડ સુરત

**પેરાલીસીસ વાળા બેનની**
સેવા ચાકરી કરવા તથા રસોઈ વિગેરે ઘરકામ માટે 24 કલાક બેન જોઈએ છે. 8141169821

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 10/5, અને 26/05, દિવસ-15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143

**રોશનીશિવ ટ્રાવેલ્સ**
સુરત.- 9427478966, (1) તારીખ- 15/5, જગન્નાથપુરી, કલકત્તા, કામાખ્યાદેવી, વારાણસી, પ્રયાગરાજ, અયોધ્યા, દિવસ- 13, (2) તારીખ- 16/5, ચારધામ સાથે હરીદ્વાર, દિવસ- 15, (3) તારીખ- 17/5, તિરૂપતિ, રામેશ્વરમ, મદુરાઈ, હૈદરાબાદ, શ્રીશૈલમ, કન્યાકુમારી ત્રિવેન્દ્રમ, દિવસ- 12

**રોયલ ભુતાન**
૩ સ્ટાર પ્રિમીયમ હોટલો/ બ્રેકફાસ્ટ- ડીનર/ AC ટોયોટા કોસ્ટર સાથે એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. ઉ.તારીખ: 22-05-26.જાણીતું અને અનુભવી નામ: બંકીમ મહેતા (સંસ્થાપક) સંપર્ક: 9429507723. JOY N JOY TRAVELS.

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.